

# મહાવીર-દર્શન

શાંતિલાલ શાહ

# સુંદર અને સર્વોત્તમ

સાધન સામગ્રી જેવી કે....

| | |
|---|---|
| સુગંધીદાર અગરબત્તી | વાસક્ષેપ |
| દશાંગી ધૂપ | કેશર |
| વાળાકૂંચી | કટાસણાં |
| ચરવળા | સંથારીયાં |
| સાપડા | સાપડી |

સોના ચાંદીના વરખ, પરવાળાં, કેરબા અક્કલબેર

સ્ફટિકની માળાઓ, મોરપીંછી,

ઉપકરણો, પુંજણીઓ

તેમજ—

## રેડીયમ અને પ્લાસ્ટીકની

માળાઓ, ઠવણીઓ, સાપડા વગેરે

લગ્નસરા અને દિપોત્સવી કાર્ડો,

સુશોભિત કેલેન્ડરો–વગેરે માટે

# મેઘરાજ જૈન પુસ્તક ભંડાર

ગોડીજી ચાલ, કીકા સ્ટ્રીટ, મુંબઇ–૨.

## બીજી આવૃત્તિ વેળાએ

**'મહાવીર દર્શન'**ની આ બીજી આવૃત્તિ પ્રગટ થતાં સંતોષ અનુભવું છું.

પ્રેસની કંઈક મુશ્કેલીઓને અંગે ઘણોજ વિલંબ થતો હોય છે.

પોતાનાં ગીતોનો તથા કથા–આખ્યાનોનો પ્રચાર વધતો જોઈ કયા સર્જકને આનંદ નહિ થતો હોય ?

સંગીત પ્રેમી જૈન સમાજનો આભારી છું.

**શાંતિલાલ શાહ**

# મહાવીર-દર્શન

## તથા ચંદનબાળાનું કથાગીત

■

શાંતિલાલ બી. શાહ

મેઘરાજ
જૈન પુસ્તક ભંડાર
બુકસેલર્સ ઍન્ડ પબ્લીશર્સ
મુંબઈ ૨

૧-૫૦

: પત્રવ્યવહાર :
શાંતિલાલ બી. શાહ
હિમાલય સોસાયટી
બીજે માળે. રૂ. નં. ૨૬
સહારા રોડ
અંધેરી – પૂર્વ
મુંબઈ ૬૯

: મુદ્રક :
મહેંદ્રકુમાર. સી. શાહ
યુનિવર્સલ પ્રીન્ટર્સ
જે. કે. એસ્ટેટ દૂધેશ્વર
રોડ – અમદાવાદ.

■

સર્વ હક્ક લેખકને સ્વાધીન

■

આ પુસ્તકમાંની કોઇપણ કૃતિનો
કોઇપણ ઉપયોગ કરતાં પહેલાં
કર્તાની પરવાનગી જરૂરી છે

■

પ્રથમ આવૃત્તિ સં. ૨૦૧૯
દ્વિતિય આવૃત્તિ સં. ૨૦૨૩

■

: પ્રકાશક :
શ્રી મેઘરાજ જૈન પુસ્તક ભંડાર
કુંવરજી હીરજી છેડા
મણશી મેઘજી બુકસેલર
ગોડીજીની ચાલ, ૨૧૯, A; કીકા સ્ટ્રીટ, મુંબઈ–૨

## : અનુક્રમ :


| | | પાનું | | | પાનં |
|---|---|---|---|---|---|
| ૧ | મસ્તી | ... ૬ | ૧૧ | ઝેરનું મારણુ | ... ૨૯ |
| ૨ | મહાવીર દર્શન | ... ૭ | ૧૨ | મહિમા | ... ૩૧ |
| ૩ | જન્મોત્સવ | ... ૧૬ | ૧૩ | યશોદાના કંથ | ... ૩૨ |
| ૪ | માડીના હેત | ... ૧૮ | ૧૪ | અમે સંતાન | ... ૩૩ |
| ૫ | હાલરડું | ... ૧૯ | ૧૫ | વીરનું શાસન | ... ૩૪ |
| ૬ | વીર કુંવરની વાતડી | . ૨૧ | ૧૬ | ધીર–વીર–ગંભીર | ... ૩૫ |
| ૭ | ગૃહસ્થાશ્રમ | ... ૨૩ | ૧૭ | સાધના | ... ૩૬ |
| ૮ | વિદાય | ... ૨૫ | ૧૮ | મારે એને પણ તારે | ... ૩૭ |
| ૯ | એકલ | ... ૨૬ | ૧૯ | ખીલા ઠોકાણા | ... ૩૮ |
| ૧૦ | નહિ ભૂલું | ... ૨૮ | ૨૦ | સમતાની કસોટી | ... ૪૦ |

પાનું

૨૧ પ્રિયદર્શના ... ૪૨
૨૨ વીરની વાણી ... ૪૬
૨૩ કંચન અને કથીર... ૪૭
૨૪ ગુરુની લઘુતા ... ૫૦
૨૫ ચંદ્રિકા ... ૫૩
૨૬ મહાવીરને પત્ર ... ૫૪
૨૭ પરિવર્તન ... ૫૬
૨૮ દીકરી–જમાઈ ... ૫૮
૨૯ સંદેશો ... ૬૦
૩૦ અહિંસાનો પયગમ્બર ૬૨
૩૧ વિનંતિ ... ૬૩
૩૨ તમે શીખવ્યું ... ૬૪
૩૩ વ્હાલપની વેણુ ... ૬૫
૩૪ ચૈત્ર સુદ તેરશ ... ૬૭

પાનું

૩૫ લાખ્ખો જોજન દૂર... ૬૯
૩૬ ક્રાંતિકારી ... ૬૯
૩૭ વશીકરણ ... ૭૦
૩૮ ઝેર ઉતારો ... ૭૧
૩૯ વિશ્વ પ્રેમ ... ૭૩
૪૦ ચંદનની સુવાસ ... ૭૪
૪૧ વીરના વારસદાર ... ૭૫
૪૨ માર્ગ બતાવો ... ૭૬
૪૩ નિર્વાણ ... ૭૭
૪૪ ગૌતમનો વિલાપ ... ૭૯
૪૫ યુદ્ધ ઘેલછા ... ૮૧
૪૬ તિતિક્ષા ... ૮૨
૪૭ ભવિષ્ય વાણી ... ૮૪
૪૮ યુગનો પડકાર ... ૮૬

૪૯ ચંદનબાળા ... ૮૮



## સ્વ. શ્રી કુંવરજી હીરજી છેડા

જેમને ઉચ્ચ પ્રકારનાં સાહિત્યના પ્રચારમાં ઊંડો રસ હતો.

જેમને સાચા સંગીતની ઓળખ હતી. જેમનું હૃદય ભક્તિભાવથી રંગાયેલું હતું. જેમને મારા પ્રત્યે અપાર મમતા હતી.

એવા પરમ સ્નેહીના પુણ્યાત્માને—

શાંતિલાલ શાહ

# મહાવીર-દર્શન

# મસ્તી

હે પ્રભુ, તારા અગણિત ગુણના
ગીતો રચીને ગાયાં કરૂં છું.
જેવી આવડે એવી કવિતા કરીને
સદા યે જગતને સુણાવ્યાં કરૂં છું.

પ્રગટે હૃદયમાં વિધવિધ ભાવો
કવિ છું હું એવો નથી કોઈ દાવો!
સ્નેહ–સુવાસીત શબ્દોની માળા
ગુંથીને તારે ચરણે ધરૂં છું.

નથી કંઠમાં કંઇ અદ્ભુત શક્તિ
થોડી ઘણી છે પ્રભુ તારી ભક્તિ
મનની વીણાના તારો મિલાવી
એમાં હૃદયના ભાવો ભરૂં છું.

નથી થાવું મારે સંગીતવિશારદ
હું તો પ્રભુ તારો નાચીઝ ગાયક
દુનિયાના લોકને ગમે ના ગમે તો યે
મસ્ત બનીને ગાતો ફરૂં છું!

●

# મહાવીર-દર્શન



પચ્ચીસો વરસો પૂર્વે એક પૂંજ પ્રકાશ તણો પ્રગટ્યો
જુગ જુનો અંધકાર વિદારતો ભારત-ભાગ્ય રવિ ચમક્યો,
કોયલ-મોર કરે કલશોર ને વાયુ વસંતનો વાઈ રહ્યો
ક્ષત્રિયકુંડની કુંજમહીં ત્રિશલા-કુખે પુત્રનો જન્મ થયો.

બાળને લાડ લડાવતી માવડી ઘોડિયાની દોરી ખેંચતી'તી
સૂર મધુર મધુર સુણાવીને ઉરના અમૃત સિંચતી'તી,
'વીર થજે, ગંભીર થજે તું' આશીષ એવી આપતી'તી
લળી લળી નિજ લાલના લોચન વ્હાલ ભરીને નિહાળતી'તી



પુત્રના લક્ષણ પારણેથી પળવાર મહીં પરખાઈ ગયાં
બાળવયે વર્ધમાનકુમાર તો મહાવીર નામે પંકાઈ ગયા
એક દી' સાપને દેખીને સાથીઓ બાપ રે બાપ પોકાર કરે
કાળ ભયંકર ભાળ્યો છતાં ભયભીત થયા વિણ હાથ ધરે!

રૂપ પિશાચનું ધારીને દેવતા વીરને ઉંચકી પીઠ ધરે
નાનડો બહાદુર બાળકુમાર આ દેવને મુષ્ટિ-પ્રહાર કરે!
આમ અનેક પરાક્રમ કરતાં કિશોરમાંથી જુવાન બને
માતપિતાના માનને ખાતર દેવી યશોદાનો હાથ ગ્રહે.



વૈભવમાં એનો વાસ છતાં યે જળ-કમળની જેમ રહે
ભોગી છતાં યે જોગીની જેમ જ રાગી છતાંય વિરાગી રહે!
સર્પની કાંચળી માફક એક દી' આ સંસારનો ત્યાગ કરે
મ્હેલ-મ્હેલાતોમાં વસનારો હવે જંગલ જંગલ વાસ કરે!

ઘોર અરણ્યે ઘૂમતો જાતો જોગી આ પગપાળો
માન મળે અપમાન મળે કે આપે ભલે કોઇ ગાળો!
મારગ એનો જંગલ - ઝાડી ને કંટક ઝાંખરા વાળો
કંઈ કંઈ વેળા સાથમાં રે'તો મંખલીપુત્ર ગોશાળો!



આફત ને ઉપસર્ગની ફોજની ફોજ એને પડકારતી'તી
આંધી–તોફાન ને વીજ–કડાકે કુદરત પણ લલકારતી'તી !
દેવ ને દાનવ, ને વળી માનવ, પશુપંખી કંઈ ડંખી રહ્યાં.
હસતે મુખડે તો ય મહાવીર સહુનું મંગલ ઝંખી રહ્યાં.

દુઃખથી લેશ નહિ ડરનાર એ સામેથી દુઃખને ડારતો'તો
સુખની શીતળ છાંય તજીને દાવાનળે ડગ માંડતો'તો.
પ્હાડના પ્હાડ તૂટ્યાં પણ એ પડછંદ બની ધીર ધારતો'તો.
સહાય કરવા ઈંદ્ર આવ્યા ત્યારે ઈંદ્રને પણ વારતો'તો. ! !



ઘોર ભયાનક સંકટ વચ્ચે આતમ-સાધના ચાલતી'તી
ઝેર હલાહલ ઘૂંટ ગળી જઈ આંખ અમી વરસાવતી'તી !
પ્રેમની પાવનધાર નિરંતર પાપીના પાપ પખાળતી'તી
સ્નેહ-કરુણાની ભાવના એની ડૂબતાં વ્હાણુ ઉગારતી'તી !

ચંડકોશી જેવા ભીષણુ નાગને નાથવા વીર વિહાર કરે
ઝેર ભર્યાં કંઇ ડંખ દીધાં તો યે ઉપરથી એને પ્યાર કરે !
ભાન ભૂલી ભરવાડ ભલે ને કાનમાં ખીલા પ્રહાર કરે
આતમ-ભાવને ઓળખનારો દેહની ના દરકાર કરે.



એક દી' શીષ્ય બનેલ ગોશાળો ગુરુને ભાંડતો ગાળો
સર્વજ્ઞ છું હું મહાવીર જેવો એવો કર્યો એણે ચાળો !
તેજોલેશ્યા છોડી ને પ્રગટાવી ભીષણ ઝાળો
વીરને બદલે ભડભડ આગમાં બળી રહ્યો ગોશાળો !

ક્ષમા તણા ભંડાર પ્રભુજી મારે એને પણ તારે
ચંદ્ર સરિખા શીતળ વેણ કહી બળતાંને ઠારે
કંઇ કંઈ દિવસ-માસ તણા ઉપવાસ કરી વ્રત ધારે
ચંદનબાળાની જેમ પીડાતી અબળા કંઈક ઉગારે,




ગૌતમ જેવા પંડિતોને સત્યનો પંથ બતાવ્યો!
શ્રેણિક જેવા રાજવીઓને ધર્મનો મર્મ સુણાવ્યો!
રોહિણી જેવા ચોર-કુટિલોને મુક્તિનો માર્ગ દેખાડયો!
મેઘકુમાર સમાન જુવાનોને જીવન-મંત્ર સુઝાડયો..

તે સમે ધર્મને નામે ખરેખર પાખંડીઓનું રાજ હતું
યજ્ઞ મહીં નિર્દોષ બિચારાં પશુઓનું બળીદાન થતું!
કંચન--કામિની કાજ કંઇ કેટલાઓનું લોહી રેડાઇ જતું
દંભ ને દાનવતા દેખીને દલ એનુ વલોવાઇ જતું!



ગંગાના નિર્મળ નીર સરિખી પાવનકારી વાણી
હિંસાની બળતી આગમાં જાણે છાંટે શીતળ પાણી
એને ચરણે આવીને ઝૂકે કંઇ રાજા કંઈ રાણી
સિંહ ને બકરી, વેર વિસારી સ્નેહ રહ્યાં છે મા'ણી!

સાડા બાર વરસ સુધી એણે ઘોર તપસ્યા સાધી
આતમ-ધ્યાનમાં લાગી રે'તી શાંત ને સ્થિર સમાધી
સંસારના રોગ પારખ્યાં એણે કેવળજ્ઞાનને લાધી
ઔષધી દીધી કે દૂર ટળે સૌ આધી-વ્યાધી-ઉપાધી!



જાણી લીધું કે જીવનયાત્રા થવા આવી હવે પૂરી
વિહારનો કરી અંત પ્રભુજી આવી વસ્યા પાવાપૂરી
અંતિમ શ્વાસ સુધી તો એમણે અખંડ દેશના દીધી
આસો અમાસની રાતને ટાણે નિર્વાણની ગતિ લીધી !

ધરતી પરનો સૂરજ આથમ્યો રાત થઈ ગઈ કાળી
અંતરને અજવાળવા કાજે ઉજવે લોક દિવાળી !
પાવનકારી પ્રેમળ--જ્યોતિ દેતી પાપ પખાળી
અંધકારે અટવાઇ રહેલાંની વાટ દીયે અજવાળી !

●

## જન્મોત્સવ

ઘર ઘરમાં આનંદ છવાયો
ઘર ઘરમાં આનંદ
ત્રિશલા માતા કુખે જનમિયો, જાણે પૂનમનો ચંદ !

ઘરને ગોખે દીવાં પ્રગટિયાં
કેસર--કંકુ રંગ ઊધડિયાં
ધરતી કેરા અંતરતલથી પ્રસરી ધૂપ-.સુગંધ.

કુંજ કુંજ કોયલ કલ્લોલે
મસ્ત બની મોરલિયાં ડોલે
રંગબેરંગી ફુલડાં કેરાં
હૈયાં ચઢયાં હિલોળે !
મંજુલ કંઠે મીઠાં ટહુકે ગાયે પંખીવૃંદ.

સરખા સહેલી, થઇને ઘેલી
રુમઝુમ રુમઝુમ નર્તન કરતી
ગજવે રૂડા આંગણાં.

હસી હસીને
લળી લળીને

ધન્ય ધન્ય કહી ત્રિશલા માને
આપે છે વધામણાં!

અંગે અંગે
અતિ ઉમંગે

નરનારી નિજ બાળક સંગે
થનગન નાચે તાલ–મૃદંગે

ગાતાં મધુરાં છંદ
ઘર ઘરમાં આનંદ

●

ગાઈ રહ્યો છું ગીત તુજ પ્રીતના
સ્નેહથી ભરેલાં સૂરો સંગીતના.

# માડીના હેત

સૂઇ જા રે, સૂઇ જા
ઓ મારા બાળ,
ત્રિશલા ઝુલાવે ગીત ગાઇને રસાળ
ગીતમાંથી નીતરે છે
અંતરનું વ્હાલ.

મીઠાં મીઠાં હાલરડાં ગાઉં તારે કાજે
જાગવાનું ઘણું છે સૂઇ જા તું આજે
અવનવી ઉગશે આવતી રે કાલ !

વ્હાલા વર્ધમાન,
તું થાજે મહાન
રાજાઓના રાજા તને
દેશે ઘણું માન

સાચા રે જ્ઞાનનું દેજે તું દાન
જોજે સારી દુનિયા તારાં ગાશે ગુણગાન !
દીન દુઃખિયાની તું લેજે સંભાળ.
દુનિયામાં નામ અમર તું કરજે
જિનશાસનની જ્યોતિ તું બનજે
મેળવજે તું મુક્તિની માળ.

●

# હાલરડું

ત્રિશલામાતા પારણું ઝુલાવે
મહાવીર પોઢે રે
રેશમ દોરે માત હીંચોળે
મહાવીર પોઢે રે.

મધુર મધુર હાલરડાં ગાતી
અંતર કેરા અમીરસ પાતી
ત્રિશલારાણી ગીત સુણાવે
મહાવીર પોઢે રે.

વીર થજે મારા બાળ જગતમાં
ધીર ગંભીર થજે તું જીવનમાં
સ્નેહ થકી તુજ જીવન ભરજે
આ સંસારે રે.

સંસારમાં સુખ ક્યાંયે નથી
વેર ઝેરથી દુનિયા ભરી
કામ--ક્રોધ--મદ--માયા તજીને
ભવજળ તરજે રે.

દુઃખ ભરેલાં જીવન જગના
કરુણ વેદના પામે જીવનમાં

રાજવૈભવના સુખ તજીને
આંસુ લ્હોજે રે.

સંસારના સૌ સંબંધ ત્યાગી
દીક્ષા લઈને થા સંયમરાગી

મોહનિદ્રામાં સૂતેલા જગને
જગાડી દે જે રે.

ઘર ઘર વન વન ઘૂમી વળજે
અહિંસા પરમો ધર્મ તું રટજે

જિનશાસનની જ્યોત બનીને
મુક્તિ વરજે રે.

●

તનને તંબૂરે મારા આતમના તાર બાંધુ
તુજમાં હું લીન થઈ સૂરની સમાધી સાધું.

# વીર કુંવરની વાતડી



ઓ માડી, તારા કુંવરની કરવી શી વાત ?
ઓ ત્રિશલા, તારા કુંવરની કરવી શી વાત ?
સૌમાં અનોખી એની જાત
ભલેરી એની ભાત – ઓ માડી
એક દી' અમે બાળ સૌ રંમત રમતાં'તાં
ગંમત કરતાં'તાં
આવ્યો ત્યાં એક માનવી
વર્ધમાનને એની પીઠ પર બેસાડી
રમતો રમાડી નવી !
ધીમે ધીમે રૂપ બદલાવી,
સૌને ગભરાવી
ઊંચો ઊંચો થઈ જાતો
રાક્ષસ જેવી કાયા કરીને
મોટો થતો મદમાતો
ત્યાં તો તારા લાલે પરચો બતાવ્યો
મારીને જોરથી લાત !

દીન બન્યો એ
પગમાં પડ્યો એ,
માફી માંગીને કહે હવે હું
નહિ રે કરૂં ઉત્પાત !
ઓ માડી...

એક દી' અમે બાળ સૌ રંમત રમતાં'તાં
ગંમત કરતાં'તાં
નીકળ્યો ત્યાં મોટો સાપ
સાપને દેખી અમે નાસવા રે લાગ્યાં
બોલી ઉઠયાં બાપ રે બાપ !

ત્યાં તો તારો લાડીલો ફાળ ભરી દોડ્યો
ને ઝાલી લીધો પળમાંય
દોરડાની જેમ એને પકડીને ફેંકિયો
ધ્રૂજ્યો નહિ એનો હાથ !
ઓ માડી...

લાડકડો તારો
સાથી અમારો
રૂપે ગુણે રળીયાત
દિવસ ને રાત એની છાયા હશે તો
માયા હશે તો
બીજાની શી પંચાત ! !

●

# ગૃહસ્થાશ્રમ

કાદવમાંથી કમળ નીપજે છતાં રહે એ દૂર
મહાવીરનું સંસારી જીવન ત્યાગ થકી ભરપૂર.

●

ભોગી છતાંયે જોગીની જેમ જ
મહાવીર રહે સંસારમાં
જળમાંહી જેમ કમળ રહે એમ
મહાવીર રહે સંસારમાં.

રાજપાટના વૈભવ એને લેશ નહિ આકર્ષે
મોજશોખના રંગવિલાસો એને જરી ન સ્પર્શે,
રાજમહેલને જેલ ગણીને
મહાવીર રહે સંસારમાં

યુદ્ધ – લડાઈ – ટંટા – ઝઘડા સઘળાંથી દૂર ભાગે
પશુપંખીના ક્રૂર શિકારો એને વસમાં લાગે
દેહનાં સુખને દુઃખરૂપ માની
મહાવીર રહે સંસારમાં.

ભાઈ–બહેન–પત્ની–પુત્રીમાં નહિ મોહ કે માયા
તો યે સૌ સ્નેહીને મળતી એની શીતળ છાયા,
રાગી છતાં યે ત્યાગી જેમ જ
મહાવીર રહે સંસારમાં.

ભરયૌવનમાં ચાલી નીકળ્યાં આ સંસારને ત્યાગી
દુનિયાને આદર્શ બતાવ્યો જીવનને અજવાળી
સંસારે રહીને પણ મહાવીર
ડૂબ્યા નહિ સંસારમાં !

●

ભક્તિ કેરા ગાન ગજાવું બાજે મધુરાં સાજ
ચરણ પડીને હું વિનવું છું કરજો પૂરાં કાજ.

# વિદાય



રાજપાટ સહુ તજી મહાવીર    દીક્ષા લેવા જાય
ભક્તિભાવથી દેવી યશોદા    આપી રહ્યા વિદાય.

●

કર જોડીને બોલ્યા યશોદા, કરજો સુખે પ્રયાણ
આનંદ–મંગલ ગાઈ રહ્યાં સૌ લોક બની ગુલતાન,
સ્વામી, કરજો સુખે પ્રયાણ.

વાટ જુએ છે દુનિયા સારી
એના તારણહારની
જીવ જગતના કરે ઝંખના
જીવનના ઉદ્ધારની
પ્રાણી માત્રના મંગલ કાજે
પ્રેમે કરો પ્રસ્થાન.

આજ સુખી છું કે સ્વામી મારો
સ્વામી ત્રિલોકનો થાશે
દુઃખ એટલું કે હું અભાગી
આવી શકું નહિ સાથે !

આંસુ નથી આ અપશુકનનાં
પુલકિત છે મુજ પ્રાણ

પામર છું હું તેમ છતાં પણ
વીર પુરુષની નારી
હું તો નહિ પણ પગલે તમારે;
આવશે પુત્રી તમારી;

આશીષ દ્યો પ્રિયદર્શનાને
પામે ઉત્તમ સ્થાન.

દીક્ષા—મહોત્સવ કાજ હજારો
નાચી રહ્યાં નરનારી
યાચું છું કે મને રંકને
દેશો નહિ વિસારી,

જાઓ સીધાવો અંતર્યામિ
કરવા જગત્—કલ્યાણ
કરજો સુખે પ્રયાણ.

●

# એકલ

રૂડા રાજમહેલને ત્યાગી
પેલો ચાલ્યો રે જાય વીતરાગી
એનો આતમ ઉઠયો છે આજ જાગી

નથી કોઇ એની સંગાથે
નીચે ધરતી આભ છે માથે
એતો નીકળ્યો છે ખાલી હાથે
એને લગન અનેરી લાગી !

એણે મૂકી જગતની માયા
એની જુવાન છે હજી કાયા
એણે મુક્તિનાં ગીત ગાયાં
એણે ભવોભવ ભ્રમણા ભાંગી

એને પગલે થાય અજવાળાં
એના વેણ મધુર મરમાળા
એણે તારી છે ચંદનબાળા
સંસાર બન્યો રે બડભાગી !

# નહિ ભુલું

નહિ રે હું ત્યાગી,
નહિ રે વિરાગી,
તો યે મહાવીર હું તો તારો અનુરાગી !

સત્યનો સીધો રાહ તજીને અવળે મારગ જાઉં
સ્વારથ કાજે અસત્ય કહેતાં જરી નહિ અચકાઉં !
તન છે વરણાગી
મન રંગ રાગી
તો યે મહાવીર હું તો તારો અનુરાગી !

લાખ–કરોડના સ્વપ્ના સેવું લોભને થોભ રહે ના
રાત ને દિવસ એક કરૂં પણ મનને શાંતિ મળે ના
જ્યોતિ ન જાગી
લગની ન લાગી
તો યે મહાવીર હું તો તારો અનુરાગી !

આજ ભલેને ભટકું છું પણ ભૂલીશના હું તુજને
જેવો છું તેવો બાળક તારો, ભૂલીશના તું મુજને !
તું છો બડભાગી
હું છું અભાગી
તો યે મહાવીર તારો અનુરાગી !

# ઝેરનું મારણ

વગડાની વાટે વળતાં વીરને લોકે ઘણું સમજાવ્યું
જાશો મા, પ્રભુ, ત્યાં ગયેલું કોઈ પાછું નથી આવ્યું !
કાળની સામે ફાળ ભરો મા, કોઈ હજી નથી ફાવ્યું !

એમ ડરીને પાછાં ફરે તો મહાવીર કોનું નામ ?!
હિંસા નથી જેના હાડમાં એને ડરવું પડે શું કામ ?
ભીરુતા હરવા, નિર્ભયતાનું તેજ નવું પ્રગટાવ્યું.

નાગનું મંગલ વાંચ્છી પ્રભુએ
જંગલમાં ડગ માંડચાં
દૂરથી માનવીની ગંધ પારખી
ખૂબ ફૂંફાડા માર્યાં
મોતને રસ્તે, મક્કમ પગલે હસતે મુખે ઝંપલાવ્યું !

વીરને સામેથી આવતાં ભાળી
નાગ દોડચો ધસમસતો
ઝેર ભર્યાં કંઈ ડંખ દીધાં પણ
કેમ નથી આ ખસતો ?!
કરુણા લાવી વીર પ્રભુએ વેણ મીઠું સંભળાવ્યું !

જાદુ ભરેલા કોઈ મદારીની
જાણે મોરલી વાગી
નાદ સુણીને નાગનો આતમ
પળમાં ઊઠયો રે જાગી!

ઝેરનું મારણ ઝેર નહિ પણ પ્રેમ થકી અજમાવ્યું!

જ્ઞાનની જ્યોતે ચંડકોશિનો
જીવન - દીપ જલાવ્યો
વેર ને ઝેર મીટાવી દીધાં ને
મુક્તિનો પંથ બતાવ્યો

એ પંથમાંથી પણ કોઈ પાછું સંસારમાં નથી આવ્યું!

●

જીવન વીતાવું તારી આશાને સહારે
ડૂબવા માંડે તે પહેલાં લઇ જા કિનારે

# મહિમા

મહાવીર તારો મહિમા અપાર
ગુણને ગાતાં ના'વે પાર.

જીવનવીણાના તારે તારે મધુર મધુર રણકાર
સૂરે સૂરે વિશ્વપ્રેમનો મંત્ર કરે ઝંકાર
પ્રાણી માત્રમાં સરખો પ્યાર.

વાંક વિના રંજાડે તુજને એવાં કંઈક નગુણા
મારે અને પણ તું તારે એવી તારી કરુણા
સ્નેહનો ઉછળે પારાવાર.

તારી જીવનજ્યોત સદાયે જગને પંથ બતાવે
સત્ય–અહિંસા ને શાંતિનો સંદેશો સંભળાવે
વંદને તુજને તારણહાર.

●

# યશોદાના કંથ

યશોદાના કંથ મને પંથ બતાવો
પંથ બતાવો અંધકાર મિટાવો.

ફૂલ સમજીને લેવા જઉં ત્યાં કરમાં કંટક વાગે
પ્યાસ બૂઝવવા દોટ મૂકું તો આખર મૃગજળ ભાસે!
ભવો અનંતા મેં પ્રભુ કીધાં
હવે તો એનો અંત બતાવો.

વિના સુકાનની નૈયા જેવું ધ્યેય વિનાનું જીવન
મંઝિલ ક્યાં છે, ક્યાં છે જવાનું? એનું કંઇ ના ચિંતન?
ડૂબતી નૈયા, બની ખેવૈયા
મઝધારેથી પ્રભુ એને ઉગારો.

સંતજનોનાં સંગ કરું ના અંગને નિત શણગારું
ભક્તિ–ભજનમાં ચિત્ત ન લાગે ભીતરમાં અંધારું
મહાવીરસ્વામી, અંતરજામી,
જીવન કેરી જ્યોત જલાવો.

●

# અમે સંતાન તમારાં

અમે મહાવીરના સંતાન
એ જ અમારો પ્રાણ

ગાયાં કરીએ ગૌરવથી અમે
ગરવાં એનાં ગાન

એની પ્રીતનાં ગીતો ગાતાં
મળતું અમૃતપાન.

પરમ પિતા એ ચરમ પ્રભુનું
ઉરમાં ઉ[illegible]

ભાવ ધરીને ભક્તિ કરીએ
ધરીએ એનું ધ્યાન.

વિશ્વ–પ્રેમના એના પથમાં
કરીએ અમે પ્રસ્થાન

એ કરુણાસાગરને ચરણે
તન મન ધન કુરબાન!

# વીરનું શાસન

વીરનું શાસન વિશાળ છે.

આ પૃથ્વી પર પ્રાણી માત્રને
પ્રેમ શીખવતી નિશાળ છે.

વીતરાગી મહાવીરે ગીતો વિશ્વપ્રેમનાં ગાયાં
સૌને મળતી વ્હાલભર્યાં વડલાની શીતળ છાયા
પાવનકારી પુણ્યતણી ત્યાં બાંધી એણે પાળ છે.

આ સૃષ્ટિમાં સૌને માટે એના દ્વાર ઉઘાડાં
બ્રાહ્મણ–ક્ષત્રી–વૈશ્ય–શુદ્રના નહિ વર્ણાશ્રમ વાડાં
શાસનમાં આસન સરખાં છે સિંહ હોય કે શિયાળ છે.

ઇંદ્રભૂતિ ગૌતમસ્વામીનો બ્રાહ્મણ કુળમાં જન્મ હતો
મહાન મુનિવર મેતારજનો હરિજન કુખે જન્મ હતો
કુળ નહિ પણ કર્મ પ્રમાણે ઊંચ–નીચનો આધાર છે.

ભેદ નથી એના શાસનમાં પાપી કે પુણ્યશાળી
હોય સુદર્શન શેઠ ભલે કે હોય એ અર્જુનમાળી
આતમનો આનંદ ભર્યો છે ના જગની જંજાળ છે.

●

# ધીર – વીર – ગંભીર

વીતરાગી વીરને ચરણે નમાવું શીર રે
ત્રિશલાનંદન વંદુ તમને મેરુ સમ મન ધીર રે.

વીરતાથી ઓપતી છે આપની જીવનકથા
ક્યાંય દેખાતી નથી તનની અગર મનની વ્યથા,
નીર અંતરના સદા સાગર સમા ગંભીર રે.

તમ વિના કોઇએ નથી સમતાથી ઉપસર્ગો સહ્યાં
વેણ કડવા કોઇને પણ ના કદી આપે કહ્યાં
ધ્યાન આતમનું ધર્યું એ ધ્યાન નહિ જ લગીર રે!

ગીત ગાયાં પ્રીતના ને
કંઠમાં કરુણા ભરી
સત્યનો સંદેશો દીધો
જ્યોત અહિંસાની ધરી

દેજો આશીર્વાદ કે શ્રદ્ધા રહે મુજ સ્થિર રે!

●

# સાધના

સાચી તારી સાધના
હે વીર, અદ્દ્ભુત તારી આતમ–ઉપાસના...

મનડાની મૂકી માયા
તપથી તપાવી કાયા
છાંડી દીધી છે તેં તો
સુખની જ શીળી છાયા

કામિની–કંચન કેરી નથી રહી કામના...

વાગે નિરંતર તારી સ્નેહ કેરી બંસરી
મોંઘી રે માનવતાની મ્હેંકંતી મંજરી.
સહુના રે મંગલ કેરી ઉરની આરાધના...
સાચી તારી સાધના

●

# મારે એને પણ તારે

મારે એને પણ તારે, પ્રભુ તું તો
મારે એને પણ તારે.

શત્રુ થઈને આવે છતાં તું વ્હાલથી હૈયે બેસારે!

વાંક વિના પણ વેર રાખે ને કેર કરે કંઈ કાળો
પજવે તુજને પાર વિનાના ને ભાંડી જતાં કંઈ ગાળો!
ખીલા ઠોકે તુજ કાનમાં તો યે ધ્યાનમાં સમતા ધારે.

જીવ-જંતુ, પશુ-પંખી કે નાગ આવી તને ડંખે
તોય તું તો શાંત ચિત્તે સહુનું શ્રેય જ ઝંખે
કોણ મિત્ર ને કોણ શત્રુ? ભેદ નહિ જ લગારે!

સુખી કરવા સૃષ્ટિને તેં તારું સુખ વિસાર્યું
ઝેર જગતનાં જીરવીને તેં પ્રેમનું અમૃત પાયું
વેરથી બળતાં, આવીને ઠરતાં તારા ઉરને આરે.

મારે એને પણ તારે.

●

# ખીલા ઠોકાણાં !



ખીલા ઠોકાણા વીરના કાનમાં
ઓલ્યો ભૂલ્યો ભરવાડ રે અજ્ઞાનમાં !

આંખડી ઢાળી આતમ-ધ્યાને
ઊભા રહ્યા પ્રભુ વીર
'બળદ અમારા સાચવજે અલ્યા
જોગીડા તું લગીર'

હા કહી ના, ના કહી ના,
વીર ઊભા નિજ ધ્યાનમાં.

બળદ બિચારાં ચરવા ચાલ્યાં
નીકળ્યાં દૂર ને દૂર

ભાળ્યા નહિ ભરવાડે જ્યારે
ક્રોધે ભરાયો ભરપૂર;
'કાન બળ્યાં છે કે ખાલી કાણાં ?
સમજાવું અબઘડી સાનમાં !'

ખીલા ભારી, લાવ્યો રબારી ઘાલ્યા પ્રભુને કાન
દુઃખ પડ્યું પણ દ્વેષ ન પ્રગટ્યો સમતા ધરે ભગવાન
પ્રાણી માત્રમાં એકજ સરખો પ્રેમ વસે છે જેના પ્રાણમાં !

ધ્યાન પૂરું થયે મહાવીરસ્વામીએ
માંડ્યો ફરીથી વિહાર
મુખ પર શાંતિ દીસે છતાં પણ
તનમાં દુઃખ અપાર

કોઈ ભાવિકે જોઈ લીધું આ આવી હકીકત જાણમાં.

વૈદ તેડાવ્યાં, ખીલા કઢાવ્યાં
પીડા થઈ ગઈ દૂર
ચીસ પડી ગઈ મોટી પ્રભુથી
પડઘા પડ્યા દૂર દૂર

તોય હૈયે સમતા ધારી વીર ઊભા નિજ સ્થાનમાં !

●

અંતરના અંધારાં હરજે
તારી દયાનો દીવો ધરજે.

# સમતાની કસોટી



તૂટી–ફૂટી એક ઝુંપડીમાં બે માનવી બેઠાં સ્થિર
શીયાળાની મધરાત હતી તો યે ઉઘાડાં શરીર !
ધ્યાનમાં મગ્ન થઈને બેઠાં હાલે ન ચાલે લગીર
એક હતો ત્યાં ગોશાળો ને બીજા પ્રભુ મહાવીર !

'કોણ છો અલ્યા, કેમ છો બેઠા ?' પૂછે ચોકીદાર
ત્રાડ પાડી પડકાર કીધો એણે ખેંચીને તલવાર
સાંભળતાં જ નથી એમ જાણે મુંગા રહ્યાં અણગાર
નિર્ભયતાથી બેસી રહ્યાં બે હૈયે નથી થડકાર !

સમજાવ્યાં કંઈ, ધમકાવ્યાં કંઈ તો યે કોઈ ના બોલે
બોલવાનું તો બાજુ રહ્યું પણ આંખ જરી ના ખોલે !

ક્રોધથી રાતા નેણ કર્યાં ને ચોપડાવી કંઈ ગાળો
સમતા કેરી કસોટી કરતાં મહાવીર ને ગોશાળો.

બોબડી બંધ થયેલી જાણી બેઉને બાવડે ઝાલ્યાં
ખેંચી લાવ્યો. એક વાવડી પાસે બેઉને ઊભા રાખ્યાં
હાથે પગે એણે બેઉ જણાને મજબૂત દોરડે બાંધ્યાં
ઊંધે માથે હીમ સરિખા શીતળ જળમાં નાખ્યાં !

વારંવારે બહાર કાઢીને પાછાં ફરી ઝબકોળે
આખી રાત વીતી ગઈ તો યે એમાંથી કોઈ ના બોલે !
વ્હાણું વાતાં બે સાધ્વીઓ ત્યાં થઈ ચાલ્યાં જાતાં
ચોકીદારની ચેષ્ટા જોઈ ક્ષણભર થંભી જાતાં

ધારી ધારીને જોયું તો બેઉને ઓળખી લીધાં
આખી રાતના ત્રાસથી એમણે તુર્ત ઉગારી લીધાં
મહાભયંકર ભૂલ જોઈને પસ્તાયો ચોકીદાર
વીરને ચરણે ઝૂકી પડ્યો એ આંખે આંસુ ધાર.

હસતે મુખે. ઉદાર હૈયે માફ કરી દીધો વીરે
જાણે કાંઈ બન્યું નથી એમ જ આગળ ચાલ્યાં ધીરે !
સુખે દુઃખે સમભાવમાં રે'વું એજ છે જેનું કામ
મ.રે એને પણ તારે એવા વીર પ્રભુને પ્રણામ

# પ્રિયદર્શના

પ્રિયદર્શનાની નાની કહાણી.
પિતા છે મહાવીર જેના માતા યશોદા રાણી

બાળવયે સંસ્કારે શોભે જેની સુંદર કાયા
રાગ-ત્યાગના વિધવિધ લેખો જેને લલાટે લખાયા
પામી શકી ના પ્રિયદર્શના પૂજ્ય પિતાની છાયા
કીંતુ પૂર્ણપણે મેળવતી માની મમતા માયા,
બચપણ વીત્યું ને આવી જુવાની.

મહાવીરની બેનીનો જાયો જેનું નામ જમાલી
એની સાથે પ્રિયદર્શનાને શુભ દિને પરણાવી
પતિ હતો પ્રેમાળ અને એ હતી પતિને વ્હાલી
સ્નેહ–સુવાસે સાસરવાસે જીવન રહી વીતાવી,
સુખો સંસારના રહી છે માં'ણી.

નિજની જન્મભૂમિમાં એક દી' આવ્યા મહાવીરસ્વામી
પુત્રી–જમાઈ પ્રભુને ચરણે શીષ રહ્યાં છે નામી
આજ ખરેખર વીર પ્રભુની દેશના અદ્ભૂત જામી
શબ્દે શબ્દે સાંભળનારાં રહેતાં શાતા પામી,
અમીરસ છલકતી પ્રભુજીની વાણી.

કરુણાવંતી વાણીથી પીગળ્યાં કંઈ નર ને નારી
પ્રભુને સન્મુખ પુત્રી–જમાઈ ઊભાં નયણાં ઢાળી
દીક્ષા લીધી બેઉ જણાયે, વીરે આશીષ આપી
સંયમનો ઉલ્લાસ રહ્યો છે અંગે અંગે વ્યાપી,
કર્તવ્યનો પંથ લીધો પીછાણી

થયું અજીરણ જમાલીને તો અભિમાન ઉભરાયું
ધર્મ—કર્મના મર્મ ભરેલું જ્ઞાન નહિ જીરવાયું !
જુદો થયો એ પ્રભુ વીરથી જુદું જુથ જમાવ્યું
'પિતા ખરા કે પતિ ખરા ?' એ ઘડીભર ના સમજાયું
પ્રિયદર્શનાની મતિ રે મુંઝાણી !

માર્ગ પતિનો હશે ખરો એમ સમજી સાથે જાતી
મહાવીરની પુત્રી પણ રે મહાવીરથી જુદી થાતી !
ઘમંડમાં વિચરતો જમાલી ગર્વે ફૂલાવીં છાતી
વિરોધ મહાવીરનો કરવામાં શક્તિ બધી ખરચાતી
સર્વજ્ઞ છું હું એમ બોલે સીનો તાણી !

શ્રાવસ્તી નગરીમાં વળગી પિત્તજ્વરની બિમારી
આજ્ઞા દીધી ત્યાં શીષ્યોને 'જલ્દી કરો પથારી'
પથરાઈ ના પથરાઈ ત્યાં તો અધીરો બન્યો જમાલી
વિનય ધરીને શીષ્યો બોલ્યાં : 'પૂરી થઈ પથારી'
અધુરી જણાતાં ગર્જ્યો અતિ ક્રોધ આણી !

થતી ક્રિયા ને થઈ જાણવી એ છે એક અપેક્ષા
ક્રિયમાણને કૃત કહેવું એ છે વ્યવહારિક ભાષા
મહાવીરના સિદ્ધાંત પ્રમાણે શીષ્યો બોલ્યાં જ્યારે
સાંભળતા તો લાલપીળો થઈ ગયો જમાલી ત્યારે

અંગ અંગ એના આગજ ફુંકાણી !

પ્રભુ મહાવીરનો ભક્ત હતો ત્યાં નામે ઢંક કુંભાર
એના ઘરમાં ઉતર્યો હતો સૌ સાધ્વીનો સમુદાય
ધર્મવિષયની ચર્ચા કાઢી પ્રિયદર્શના સાથે
વાતવાતમાં યુક્તિપૂર્વક તણખાઓ પ્રગટાવે

જરા સળગી ઓઢણી પ્રિયદર્શનાની.

તણખો પડતાં ઉઠી સફાળી પ્રિયદર્શના બોલી:
'જૂઓ જુઓ મુજ વસ્ત્ર બળી ગયું ઢંક તમારીભૂલથી'
ઢંક કહે છે: સાધ્વી થઈને શીદને ખોટું બોલો
બળી રહ્યું છે—બળી ગયું ના!—જરા આંખ તો ખોલો !

પ્રિયદર્શનાને ભૂલ સમજાણી

વસ્ત્રનો તણખો દીધો બુઝાવી પણ અંતરમાં સળગ્યો
સરળ હ્રદયની સન્નારીના દિલમાં દીવો પ્રગટ્યો
ઢંક કુંભારની યુક્તિમાં સત્ય ખરું સમજાયું
સ્તબ્ધ બની ગઈ, ચઢી વિચારે, મનમાં મંથન જાગ્યું

પશ્ચાતાપથી આંખો ભીંજાણી

ભૂલ સમજાતા વાર જ ચાલી પંથ પતિનો છોડી
પરમ પિતાની પાસ પ્હોંચવા પ્રિયદર્શના દોડી
ચરણે શીષ ઝુકાવી દીધું નયણે વ્હેતાં પાણી
પિતા-પુત્રીનું મિલન જોઈને મૌન બની ગઈ વાણી !

અને ત્યાં પૂરી થઈ આ નાની કહાણી !
પ્રિયદર્શનાની નાની કહાણી !

●

મધુર મધુર સંગીતની તાને વહે જ્ઞાનની સરિતા
શબ્દે શબ્દે સુવાસ પ્રસરે એવી બનો કવિતા

# વીરની વાણી

સુખ છે થોડું ને દુઃખ છે ઝાઝું એવો આ સંસાર
જીવતરમાં જ્યારે આગ લાગે ને અંગે ઉઠે અંગાર
છાંટે ત્યારે શીતળ પાણી
એવી પ્રભુ વીરની વાણી.

રાગ નથી એને દ્વેષ નથી કંઈ પ્રેમનો પારાવાર
નિશદિન કુણા કાળજડેથી વહેતી કરુણાની ધાર
શાતા પામે સઘળાં પ્રાણી
એવી પ્રભુ વીરની વાણી.

ચંડકોશિના ઝેર ઉતાર્યાં. ઉગારી ચંદનબાળા
ગૌતમનો પણ ગર્વ ઉતાર્યો વેણ કહી વરમાળા
જાણે સ્નેહની સરવાણી
એવી પ્રભુ વીરની વાણી.

દીન દુખીને સુખી થવાનો મારગ એ બતલાવે
જાદુ ભરેલાં વેણ કહીને પાપીઓને પીગળાવે.
પાષાણને કરતી પાણી
એવી પ્રભુ વીરની વાણી.

મંગલકારી વીરની વાણી અમૃતની રસધાર
ઝીલી શકે નહિ અંતર જેનું એળે ગયો અવતાર !
જાણી એણે મોક્ષ પ્રમાણી
એવી પ્રભુ વીરની વાણી.

●

# કંચન અને કથીર

કંચન કેરી કિંમત જ્યારે કસોટીએ અંકાય
એમજ સાચા સંતની અગ્નિ–પરીક્ષા થાય !

●

મહાવીરને પણ મળ્યો ગોશાળો !
એક વખત જે ભક્ત હતો તે પછી ભાંડતો ગાળો

શીષ્ય હતો ત્યારે સાથે ફરતો, સુખદુઃખ સાથે સહેતો
કંઈ કંઈ વેળા ટાઢ–તાપમમાં ભૂખ્યો–તરસ્યો રહેતો
વીરની સાથે વનવગડામા વિચરતો પગપાળો.

ગુરુની સાથે રહી ગોશાળે ઘણું મેળવ્યું જ્ઞાન
જ્ઞાન નહિ જીરવાયું ત્યારે ઉભરાયું અભિમાન
વીરની જેમ સર્વજ્ઞપણાનો કરવા માંડ્યો ચાળો !

સંત મહાત્મા થઈને બેઠો
સંઘ સ્થાપના કીધી
વીરની સાથે હરીફાઈની
એણે ચેષ્ટા કીધી !

'મુજથી મોટો કોણ છે જગમાં વધુ જાણવાવાળો ?'

ફરતાં ફરતાં એક દિવસ ત્યાં મહાવીરસ્વામી આવ્યા
લડાઈના રસિયા લોકોએ અંગારાં સળગાવ્યાં
ગરજંતો ગોશાળો આવ્યો ભરતો મોટી ફાળો !

વાદવિવાદે વીફરેલો એ ભાન ભુલીને બોલે
મૌન ધરીને મહાવીર ત્યારે મુખ જરી ના ખોલે
ઉશ્કેરાયાં વીરના સાધુ સહન થઈ નહિ ગાળો.

ગુરુએ શીખવાડેલી વિદ્યા
ગુરુ ઉપર અજમાવે
ભીષણ તેજોલેશ્યા છોડી
જવાળાઓ પ્રગટાવે
વીરની ચારેપાસ કુંદડી ફરતી આગની ઝાળો !

આગ ન અડકી વીરને અંગે
ગો શા ળા ને બાળે
હાથે કર્યાં તે હૈયે વાગ્યાં
ચીસો કારમી પાડે
બળી જળીને ઘોર ઘમંડી થયો કોલસો કાળો !

આટ આટલું વીત્યું છતાં પણ
વીરે સમતા ધારી

મૃત્યુ ટાણે ક્ષમા કરીને
દીધી શિખામણ સારી
આવા જ્ઞાની ગુરુ હતા ને આવો હતો ગોશાળો !

મહાવીરને પણ મળ્યો ગોશાળો !

મેં તો તારું નામ લઈને નાવ મૂકી મઝધાર
તારનારો તું બેઠો છે પછી ફીકર શી તલભાર !?

●

# ગુરુની લઘુતા

ગોચરી લઈને પાછા વળતાં
ગૌતમ ગણધરે સુણ્યાં વચન
કે આનંદ શ્રાવકે લીધું અનશન.

સંસારીની શાતા પૂછવા
ચાલ્યા મુનિ જેનું મોટું છે મન!

અણધાર્યા આંગણે આવ્યા ગુરુને જોઈને આનંદ મલકે
માથે ચઢાવી ગુરુ–ચરણરજ આંખડી ભાવથી છલકે
બે કર જોડી આનંદ બોલે;
'પાવન કીધું રંકનું ભવન.'

શાતા–કુશળતા પૂછી ગુરુએ આશીષ ઉરની દીધી
વણમાગી અભિલાષા અચાનક આવીને પૂરી કીધી
અંતિમ ઘડીએ દર્શન દઈને
ઉજાળી દીધું ભક્તનું જીવન.

નમ્ર બનીને આનંદ પૂછે: ઉત્તર દે જો કૃપાનિધાન,
'સંસારમાં રહીને શ્રાવકને ઉપજી શકે શું અવધિજ્ઞાન?'
ગૌતમ બોલ્યા: 'ગૃહસ્થને પણ જરૂર ઉપજે અવધિજ્ઞાન
હે આનંદ, કહો શું તમને એવું ખરેખર ઉપજ્યું જ્ઞાન?'

●

કર જોડીને આનંદ બોલે :
'અવધિજ્ઞાનનું લાધ્યું રતન.'

'ઉત્તર – દક્ષિણ – પૂરવ – પશ્ચિમ દૂર દૂર પડતી દૃષ્ટિ
પાંચસે પાંચસે જોજન કેરી ભાળી શકું છું સૃષ્ટિ.'

'અવધિજ્ઞાન મળે શ્રાવકને પણ ના એટલું દેખે
સર્વ દિશામાં પાંચસે પાંચસે જોજન સુધી ન પેખે,
વાત અસત્ય વદયાં હે આનંદ, લાગ્યો દોષ મહાન
અવધિજ્ઞાન ભલે આવ્યું પણ જો જો ના આવે અભિમાન!!
પ્રાયશ્ચિત કરો હે શ્રાવક,
દોષ ભરેલાં બોલ્યાં વચન.'

'સત્ય વચન કહેવામાં ગુરુજી કરવું પડે શું પ્રાયશ્ચિત!
સાચાને પણ શીક્ષા દેવી, એવી શું શાસનની રીત?'
આનંદ વેણ સુણીને પળભર
ચઢ્યું વિચારે મુનિનું મન!

'પૂછવું પડશે પ્રભુ વીરને' એમ કહી ગૌતમ ઉપડે
ઉપાશ્રયે આવીને તરત જ પ્રભુને સઘળી વાત પુછે.

●

## હવે ન્યાય કરે ભગવાન

ભેદભાવ નથી જેને હૈયે, જેને સર્વ સમાન,

ગંભીર વદને વીર વદયાં કે 'આનંદ સાચું કહે છે'
અવધિજ્ઞાને ગૃહસ્થ પણ દૂર દૂર એટલું જોઇ શકે છે;

પ્રાયશ્ચિત તમોને ગૌતમ, બોલ્યા અસત્ય વાણી
જ્ઞાની થઇને વાત આટલી કેમ રહી અણજાણી ?!
ક્ષમા યાચવી રહી તમારે આનંદને આપીને માન !

'મારું એ સાચું નહિ પણ જેને સાચું એ છે મારું'
એવા ગૌતમસ્વામી કેરૂં દૂર થયું અંધારૂં;
ગોચરી એમની એમ રહી ને ચાલ્યા આનંદ દ્વારે
'મિચ્છામિ દુક્કડં' બોલીને નિજની ભૂલ સ્વીકારે!

મહાપુરૂષની લઘુતા દેખી સહુ યે વંદન કરતાં
ભક્તિભાવે આનંદ નયણે અશ્રુબિંદુ સરતાં

'કેવો ન્યાય પ્રભુ મહાવીરનો ?
નમ્રતા ગૌતમની કેવી ?

આનંદ જેવા શ્રાવકની પણ
શ્રદ્ધા – ભક્તિ કેવી ?

એથી તો આ સત્ય-ધર્મનું જગમાં સ્થાન મહાન.

●

# ચંદ્રિકા

ઓ ચંદનબાળા, તારો અદ્ભૂત છે ઇતિહાસ
એ ઇતિહાસને પાને પાને પ્રગટે દિવ્ય પ્રકાશ.

ચંદન જેવું જીવન તારું
અગ્નિને શીતળ કરનારૂં
ચંદન જેમ ઘસાયે તેમ તેમ આપે અધિક સુવાસ.

એક દિવસ હતી રાજકુમારી
રાજમહેલમાં તું વસનારી
દાસી થઈ વેચાણી તો યે થાતી ના ઉદાસ.

દુઃખનાં તો ડુંગર ખડકાયાં
તો યે અડગ રહી તારી કાયા
કાળ કસોટી કરે કારમી પણ ના થઈ હતાશ.

વીર પ્રભુને દીધી ભિક્ષા
પ્રભુએ પ્રેમે આપી દીક્ષા
શ્રદ્ધાનાં દીવડાથી દિલમાં કરી દીધો ઉજાસ.

વંદન તુજને ચંદનબાળા
તેં દીધાં જગને અજવાળાં
ચંદ્રિકા સમ ચમકી રહી તું અમ અંતર – આકાશ !

●

# મહાવીરને પત્ર

પત્ર લખ્યો પ્રભુ મહાવીરને
પહોંચે મોક્ષપુરીને દ્વાર !
કૃપા કરીને વાંચજો
ધ્યાન દઈને એને લગાર:

શું લખવું એની સૂઝ પડે ના
શોધું છતાં યે શબ્દો જડે ના
લખ્યા વિના હું રહી શકું ના
અંતરમાં ઊઠે પોકાર.

શાસન તમારું સૂનું પડયું છે
આસન એનું ખાલી રહ્યું છે
કોઈ લાયક નાયક વિના એ
જીર્ણ અને છિન્ન ભિન્ન થયું છે !
ફાંટા પડયાં કંઈ ગચ્છ ભેદના
સૌ સૌના છે અનોખા પ્રકાર !

હિંસાનો અતિરેક થયો છે
અસત્યનો વેપાર વધ્યો છે
ચોરી – ફૂટ – કપટ ને જૂઠથી
જાણે આ સંસાર ભર્યો છે !

પ્રભુ કે પાપની ભીતિ રહી ના
અનીતિનો જ રહ્યો છે પ્રચાર!

ધર્મને સ્થાને પ્રતિષ્ઠા ધનની
શોભા રહી ગઇ કેવળ તનની
જીવનની ઘટમાળ એવી કે
કિંમત કંઇ ના રહી વચનની
કીર્તિ કાજે દાન – પુણ્યની
ચાલી રહી જાણે વણઝાર!

શું શું લખવું, શું ના લખવું!
લખીને હૈયું ખાલી કરવું
ડૂબ્યાં છીએ ઊંડી ગર્તામાં
કેમ કરીને હવે ઉગરવું?
દુનિયા આખી ઝંખી રહી છે
તમ જેવાનો ફરી અવતાર!!

થોડું લખ્યું તે ઝાઝું વાંચજો
હે પ્રભુ, સન્મતિ સૌને આપજો
તકલીફ કરજો માફ તાતજી
બાળકના છે ઝાઝા જુહાર!

●

# પરિવર્તન

એ ગૌતમ હતો ગુમાની!
મહાજ્ઞાની પંડિત છતાં પણ એ મિથ્યાભિમાની!

મહાયજ્ઞ છે માંડયો એણે
ધર્મનો નાદ ગજાવ્યો એણે
ઠાઠમાઠ સજ્યો છે એવો જાણે સ્વર્ગનો દાની!

દૂર દૂર દીધાં આમંત્રણ
મંત્રોથી ગાજે છે આંગણ
યજ્ઞ તણા યજમાન બન્યા છે મહારાજા ને રાણી.

ત્યાં તો દૃશ્ય ગયું બદલાઇ
ગૌતમની ભ્રૂકુટિ ખેંચાઇ
લોક બધું યે જાવા લાગ્યું સુણવા વીરની વાણી!

મહાવીર ઉપર ગુસ્સે થઇને
દોડયો પાંચસે શીષ્યો લઇને
વાદવિવાદે જીત મેળવવા જીવ બન્યો તોફાની!

કીંતુ જ્યાં મહાવીરને દીઠાં
ને સુણ્યા એ શબ્દો મીઠાં
ચઢી પહીલાંનો ગૌતમ ત્યાંતો થઈ ગયો પાણી પાણી !

તૂર્તજ આવ્યો વીરને શરણે
હાર કબૂલી ઝૂકયો ચરણે
યજ્ઞ અધુરો રહી ગયો ને બની અનોખી કહાણી !

પટ્ટશીષ્ય મહાવીરના થાતાં
ગૌતમસ્વામી થઈ પંકાતાં
વીર નિર્વાણના શુભ દિને એ થાતાં કેવળજ્ઞાની !

●

# દીકરી-જમાઈ

મહાવીરના જીવનમાં
એવી ઘડી આઈ:

શાસનથી જુદા થાતાં
દી ક રી - જ મા ઈ!
સિદ્ધાંતની રે વાતો નહિ સમજાઈ

અભિમાનનાં ભૂલ્યો ભાન રે જમાલી
પ્રિયદર્શના એને પગલે જ ચાલી!
મતભેદની મોટી પડી ગઈ ખાઈ,

શાસનની એકતામાં પહેલુ ભંગાણ પાડયું
મહાવીરના દિલને હશે કેવું રે દુભાવ્યું?
જમાલીયે જાણે વીરથી માંડી હરીફાઈ!

જુદાં પડીને એ તો દૂર દૂર ભટકે
વીરનો વિરોધ કરતાં ઉર નહિ ખટકે
પોતે જ સાચાં એવું ગાણું રહ્યા ગાઈ!

જમાઈ ન સમજ્યો
એ તો ડૂબ્યો અંધકારે
પાછી ફરી ગઈ પૂત્રી
એક દી' સવારે,
ભૂલને પીછાણી ને ખૂબ પસ્તાઈ!

માથું નમાવ્યું એણે પિતાના ચરણમાં
જીવન સમર્પ્યું એણે સત્યના શરણમાં
મંગલમિલનની ઘડી સરજાઈ
સિંધુમાં બિંદુની જેમ એ સમાઈ!

●

સોહામણું છે શાસન તારું પતીત પાવનકારી
તુજ નામે સૌ શાતા પામે જનમન મંગલકારી.

# સંદેશ



મહાવીરનો સંદેશો એક દી' દુનિયાને સમજાશે
શ્રદ્ધા છે, અહિંસાનો ઝંડો સૃષ્ટિ પર લહેરાશે,
એક દિવસ આ અણુબોમ સૌ દરિયે ડૂબી જાશે
માનવતાનું મંગલમય ગીત જગમાં બધે ગવાશે.

●

લડતી–ઝઘડતી આ દુનિયાને એક દી'
મહાવીરે ચીંધ્યા રાહે જાવું પડશે.
હિંસાના તાંડવમાં રાચનારા લોકને
એક દી' જરૂર શરમાવું પડશે?

કોટિ કોટી માનવીને માથે નિરંતર
ગાજે છે છે યુદ્ધનાં નગારાં

પડીકે બંધાયેલ જીવને પળે પળ
ભડકાવતાં ભણકારા!

લાખો નોંધારાંનાં આંસુ નિઃશ્વાસની
આગમાં એક દી' હોમાવું પડશે!
મહાવીરે ચીંધ્યા રાહે જાવું પડશે.

'વેરથી વેર શમે ન કદાપી
આગથી આગ બુઝાય ના
હિંસાથી હિંસા હણાય નહિ કોદી'
શસ્ત્રોથી શાંતિ સ્થપાય ના.'

બોમના બનાવનાર વૈજ્ઞાનિકોને
એક દી' જરૂર પસ્તાવું પડશે!

લાખ લાખ પ્રશ્નોના સાચા ઉકેલો
શસ્ત્રો થકી નહિ આવે
ભીતિ બતાવ્યે માનવીના હૈયામાં
પ્રીતિ કદી નહિ જાગે,
સત્ય – અહિંસા ને શાંતિનું સંગીત
બુલંદ કંઠે ગાવું પડશે
મહાવીરે ચીંધ્યા રાહે થવું પડશે.

●

# અહિંસાનો પયગમ્બર

એ અહિંસાના પયગમ્બર
તવ સ્પર્શે નિર્વિષ થયાં કંઈ કોટિ કોટિ વિષધર!

વેર ઝેરનું ચક્ર અનાદિથી ફરતું સૃષ્ટિ પર
એમજ અમૃત રૂપ રસાયણ પ્રગટ થતું પૃથ્વી પર
ઘોર તિમિર આચ્છાદન સમયે શોભી રહ્યો સુધાકર.

જ્ઞાન–અગ્નિ પર રાખ વળી ને ક્રિયા થઈ ગઈ કોરી
માનવ ચાલ્યો ઘોર અરણ્યે મૂકી મારગ ધોરી!
પૂર્વ દિશાએ પ્રગટયો તું પથદર્શક દિવ્ય દિવાકર.

આંતર – શત્રુ હણી હણી આત્મ – પરાગ પસારી
પગલે પગલે પાવનકારી પ્રેમ – શક્તિ અવધારી
મહાવીર તું, મહાધીર તું, તું જ મહાજ્યોતિર્ધર

●

# વિનંતિ

જેમ ચંદનબાળાને ઉગારી
સતી સુલસાને જેવી સંભારી
એમ દેશો ના અમને વિસારી

ચંડકોશિના ઝેર ઉતારી
દીધો મુક્તિનો પંથ બતાવી. એમ

ડાળે ડાળે ફૂલ નહિ ફૂલે ફૂલે ન ગંધ
પંથ વિહાણા ભટકીએ અમે આંખ છતાં યે અંધ
દીધો ગૌતમનો ગર્વ ઉતારી
પછી લીધો રે શીષ્ય બનાવી એમ

રંગભૂમિ સમ જીંદગી કરીએ વિધવિધ ખેલ
રાગે રમવું સ્હેલ છે વિરાગમાં મુશ્કેલ
જીવન – સંગ્રામ છે ભારી
જો જો જઈએ ન હિંમત હારી. એમ

મૃગજળ પાછળ દોડતાં અમે દિવસને રાત
સાચી દૃષ્ટિ આપીને પ્રગટાવો પરભાત
દેજો નૈયાને પાર ઉતારી
લેજો વિનંતિ આ અવધારી.

●

# તમે શીખવ્યું ને અમે ભુલ્યાં

તમે શીખવ્યું ને અમે ભૂલ્યાં. પ્રભુજી!
ફૂલને બદલે શૂળ મળ્યાં તો યે
ફૂલણજી થઈ ફૂલ્યાં!

સાચું જીવન જીવવાનો તમે અમને રાહ બતાવ્યો
જોયો છતાં પણ જાણી બુઝીને અવળો મારગ ઝાલ્યો
સત્ય અસત્યનો ભેદ સમજ્યાં તો યે
જુઠને ઝૂલે ઝૂલ્યાં
જુકતી એવી દાખવી કે જેથી થાય સફળ જન્મારો
મધદરિયે અમે ડૂબવાં લાગ્યાં રહી ગયો દૂર કિનારો!
કોટિ કોટિ કીધાં ઉપાયો તો યે
ન કિસ્મત ખૂલ્યાં.

કરુણા કેરો સાગર વહાવ્યો તો યે
રહી ગઈ ગાગર ખાલી

અમૃત કેરા કુંભ દીધાં તો યે
પીયે રે ઝેરની પ્યાલી

ડા'પણ કેરી થાપણ વેચીને
દુનિયાના રંગમાં ડૂલ્યાં

●

# વ્હાલપની વેણુ

વ્હાલપની વેણુ વગાડી, પ્રભુ વીરે
વ્હાલપની વેણુ વગાડી.
જુગ જુગની નિંદરૂં ઉરાડી, પ્રભુ વીરે
વ્હાલપની વેણુ વગાડી.

અવળે મારગડે જાતાં હતાં તે
જોગી ભોગીને કીધાં ભેળાં
નોખાં થયેલાં માનવીના
મનડાના કીધાં મેળાં !

ભવભવની ભીતિ ભગાડી, પ્રભુ વીરે
વ્હાલપની વેણુ વગાડી.

રોતાં કકળતાં દુખિયારાં લોકનાં
એણે આંસુ લ્હોયાં

પતીતને પણ પાવન કરીને
પાપીના પાપ સૌ ધોયાં

આતમની જ્યોતિ જગાડી, પ્રભુ વીરે
વ્હાલપની વેણુ વગાડી.

ભડભડતી હિંસાની હોળીની આગમાં
છાંટયું અહિંસાનું પાણી

ઝેરનું મારણ કીધું તે પ્રેમથી
દીધી અમૃતની ઉજાણી.

મુક્તિની લગની લગાડી, પ્રભુ વીરે
વ્હાલપની વેણુ વગાડી.

●

મારો એકતારો ગુંજે છે હરદમ
તારા સ્નેહ કેરી સુણાવે છે સરગમ

# ચૈત્ર સુદ તેરસ

ચૈત્ર સુદી તેરશના દિને વીર તમારો જન્મ થયો
સૃષ્ટિના કણ કણમાં ત્યારે આનંદ આનંદ છાઈ રહ્યો.

પૃથ્વી પરના જીર્ણ પાપનો જાણે આવ્યો અંત
પ્રાણી માત્રમાં પ્રગટી ઉઠી નવજીવનની વસંત
સત્યનો સૂરજ ઉદય થયો ને યુગયુગનો અંધકાર ગયો.

ધર્મને નામે ધતીંગ ચાલે એવો હતો જમાનો
પ્રભુને નામે પશુ – હિંસાનો જાણે મળ્યો પરવાનો !
કામિની – કંચન કાજ થયેલો અત્યાચાર ન જાય કહ્યો.

તમે આવ્યા તો સત્ય – અહિંસા ફરી પ્રતિષ્ઠા પામ્યાં
તમે આવ્યા તો ધર્મશાસ્ત્રના વાદવિવાદ વિરામ્યાં
પ્રભુ તમારે પગલે પગલે પ્રેમનો દિવ્ય પ્રકાશ પડ્યો.

આજ ફરીથી એ ઈતિહાસનું પુનરાવર્તન થાતું
વેર ઝેર – ધિઃક્કાર – યુદ્ધ – અણુબોમ્બનું રાજ્ય સ્થપાતું
આશ ભરી આંખે આજે સંસાર તમોને જોઈ રહ્યો

સત્ય – અહિંસા – પ્રેમ – કરુણા ઝંખે છે જગ શાંતિ
યુદ્ધથી ત્રાસેલી દુનિયામાં સરજાવો નવ – ક્રાંતિ
એ આશાએ સ્થળે સ્થળે આ જન્મ દિવસ ઉજવાઈ રહ્યો.

# લાખ્ખો જોજન દુર

જીવનના મહાસાગરમાં એવું પાપનું આવ્યું પૂર
મહાવીર તારા મારગથી અમે લાખ્ખો જોજન દૂર !

સિદ્ધિને શીખરે સ્થાન ક્યાં તારું ?
ને ક્યાં અમારી તળેટી ?
વિરાટને કહો કેમ કરીને
જંતુઓ શકે ભેટી ?
સૂરજના તેજ પાસે પેલા તારલાનું શું નુર ?

સંકટ ને ઉપસર્ગો સામે કેવી સમતા તારી ?
મોહ ને મમતામાં રમતાં ને કરતાં મારામારી ?
તું વીતરાગી, અમે રંગરાગી વિલાસમાં ચકચૂર.

નિર્મળ ગંગા જેવી તારી પાવનકારી વાણી
કાળાં – ધોળાં કૂડ – કપટથી કરીએ કાળી કમાણી !
તું કરુણાસાગર ને અમે તો કાળજાંના નિષ્ઠુર ! !

તારી ને અમારી વચ્ચે અંતર આટલું મોટું
તો યે નિરંતર ભરીએ અમે તો પગલું ખોટું ને ખોટું
તેમ છતાં યે ઉર અમારાં ઝંખે તને જરૂર ! !

●

# ક્રાંતીકારી

વીરનું જીવન ક્રાંતીકારી.
જુગ જુગની જડતામાં ફૂંકી ચેતનની ચિનગારી

ચિત્રવિચિત્ર હતો જમાનો જ્યાં ત્યાં થાતી લડાઇ
કંચન ને કામિની કાજે વઢતાં ભાઈ—ભાઈ
પ્રભુને નામે, પ્રભુની સામે થાતી હિંસા ભારી!

શાસ્ત્રના વાદવિવાદો થાતાં પાખંડી પૂજાતાં
માનવ સૌ યે વર્ણાશ્રમના વાડામાં જ પૂરાતાં
ઊંચ—નીચના ભેદ રચીને માનવતાને વિસારી.

જોઈ લીધાં તેં ઢંગ જગતના રંગ નવાં ચમકાવ્યાં
દુનિયા આખી દંગ થઇ ગઇ મૂલ્ય નવાં પ્રગટાવ્યાં
સમજાવ્યું કે સર્વ જીવો છે મુક્તિના અધિકારી.

શાંતિથી સરજાવી ક્રાંતી ભ્રાંતી—ભેદ મિટાવી
મૈત્રિનો મહિમા સમજાવો પ્રેમ—સરિતા વહાવી
અહિંસાની જ્યોતિ પ્રગટાવી જનમન મંગલકારી

●

# વશીકરણ

વિરોધ કરનારાની સામે ક્રોધ કર્યો ના લગીર
વેરીને પણ વ્હાલ કરીને વશ કરતાં મહાવીર.

યજ્ઞ અધુરો મૂકી દઇને ગૌતમ દોડયાં આવે
'મ્હાત કરૂં હંફાવું વીરને' અભિમાન મન લાવે
શાંત મધુર પ્રેમળ શબ્દોથી મહાવીર સ્વાગત કરતાં!
મનનો ભેદ મીટાવી દઈ ગૌતમને નિજનો કરતાં!
ભ્રમણા દુર થતાં ચરણોમાં ઝૂકી રહે શરીર!

ગર્વ–ગુમાને ઘોર ઘમંડે ગરજે છે ગોશાળો
એક વખત જે ભક્ત હતો તે પછી ભાંડતો ગાળો
તેજોલેશ્યા છોડી તો પણ મહાવીર કરુણા લાવે
ક્રોધ કર્યા વીણ ગોશાળાને બોધ વચન સંભળાવે
નિશદિન નયણેથી નીતરતું પ્રેમનું અમૃત નીર

ચંડકોશિએ ડંખ દીધાં પણ દિલમાં ડંખ ન રાખ્યો
ખીલા જડયાં ભરવાડે તો પણ એને નહિ દુભાવ્યો
વિરોધીઓને વ્હાલ કરીને સાચા ભક્ત બનાવ્યાં
ક્ષમા અને સમતાના પાઠો એણે જીવી બતાવ્યાં
પ્રેમથકી ભરપૂર હૃદય છે સાગર સમ ગંભીર.

●

# ઝેર ઉતારો

ચંડકોશિના જેવાં ઝેર ઉતાર્યાં
એવા ઝેર અમારાં ઉતારો
ચંદનબાળાને દીધાં અજવાળાં
એ વાં તે જ પ્ર સા રો.

કા ન માં ત મા રા ખી લા ઠો કા ણા
તો યે ના ક્રોધે ભરાણા
કાનમાં અમારાં કોઈ કડવાં વચન કહે
લડવામાં શુરા ને શાણા!

ગૌતમ કેરો ગર્વ હર્યો એવો
ગ ર્વ અ મા રો મી ટા વો.

ચા ળો ક રી ને આ વ્યો ગો શા ળો
ગુરુને જ ભાંડતો ગાળો!

તે જો લે શ્યા થી પ્ર ગ ટા વી ઝા ળો
પોતે બની ગયો કાળો!

એ અપકારી, તમે ઉપકારી
એ વી ક રુ ણા બ તા વો.

સળગે સંસારના સંતાપે કાયા
દેજો રે શીતળ છાયા

મહાવીરસ્વામી, ત્રિશલાના જાયા
માંગીએ મોં વેરી માયા

ડૂબતી રે નૈયા, બનીને ખેવૈયા
ભવસાગરથી ઉગારો,
ઝેર અમારાં ઉતારો.

●

નથી કરવું નામ મારે નથી જોઈતી નામના
એટલું આપજે કે ભાવું તારી ભાવના.

# વિશ્વ પ્રેમ

વીરનો ધર્મ છે અતિ ઉદાર
નાનું મોટું નથી કોઈ ત્યાં ઉંચનીચના નહિ ભેદ-પ્રકાર

સૃષ્ટિ પરના સર્વ જીવોને
સ્નેહ—તાંતણે બાંધે
જીવો ને જીવવા દયો કહીને
પ્રેમ પરસ્પર સાધે
સતની વાગી રહી સિતાર.

નમ્ર બનીને ક્ષમા માગવી
ઉદાર થઈને ખમાવે
સર્વ જીવોને મિત્ર બનાવી
વેર-ઝેર વિસરાવે
વિશ્વપ્રેમનો કરે પ્રચાર.

●

# ચંદનની સુવાસ

જેની ચંદન જેવી સુવાસ રે, એ છે ચંદનબાળા
જેનો અદ્દભુત છે ઇતિહાસ રે, એ છે ચંદનબાળા.

મ્હેલ – મ્હેલાતોમાં જન્મી–ઉછરી ચંપાની રાજકુમારી
જંગલ જંગલ ભટકી જ્યારે આવી આફત ભારી,
નીચે ધરતી ઊંચે આકાશ રે, એ છે ચંદનબાળા.

કૌશામ્બિના ભરબજારે એનું થયુ રે લિલામ
દાસી થઇને આવી ઘરમાં શેઠ ધનાવહ નામ,
તો યે ન થાતી ઉદાસ રે, એ છે ચંદનબાળા.

કળીમાંથી જેમ ફૂલ ખીલે એમ ઉઘડી એની જુવાની
એજ જુવાનીને કારણે એની શત્રુ બની શેઠાણી!
તો યે ના થઈ નિરાશ રે, એ છે ચંદનબાળા

હાથે પગે બેડીના બંધન. માથા ઉપર મૂંડન
એક અંધારી ઓરડીમાં બેસી કરતી પ્રભુનું ચિંતન
નહિ પવન – પ્રકાશ રે, એ છે ચંદનબાળા.

આંગણે આવેલ વીર પ્રભુને ચંદને દીધી ભિક્ષા
ભિક્ષાના પુણ્ય – પ્રભાવે પામી પાવનકારી દીક્ષા
ફળી હૃદયની આશ રે, એ છે ચંદનબાળા.

●

# વીરના વારસદાર !

અમે વીરના વારસદાર.
ભવ્ય વારસો મળ્યો છે અમને અખૂટ છે ભંડાર.

આ દુનિયાના ધનના માપે કિંમત ના અંકાય
કોટિ કોટિ કોહીનૂરથી પણ ના એ મૂલવાય
અણમોલી–અણતોલી દોલતના સૌ ભાગીદાર !

શાશ્વત સુખનો ભર્યો ખજાનો ખરચે પણ ના ખૂટે
ના કોઈ લૂંટી શકે કદીયે ના તૂટે ના ફૂટે
મહાવીરની મહેનતની કમાણી મળી છે અપરંપાર !

વામનમાંથી વિરાટ સરજે એવી એમાં શક્તિ
માનવમાંથી દેવ બનાવે એવી એમાં યુક્તિ
જ્ઞાન અને વિજ્ઞાન તણો જ્યાં અનુપમ છે વિસ્તાર.

વારસો આવો વિપૂલ મળ્યો છે તોય અમે તો નિર્ધન !
વીરના વારસદારોના છે ખાલી ખાલી જીવન !
ગૌરવહીણા, તેજ વિનાના આજ અમે નાદાર !!

આપસ આપસમાં લડીએ ને રાગદ્વેષમાં ડૂબીએ
એક બીજાથી અળગાં થઈને જગમાં ફજેત થઈએ !
નથી યોગ્યતા રહી અમારી નથી રહ્યો અધિકાર !!

●

# માર્ગ બતાવો

મહાવીરનો માર્ગ બતાવો
કોઈ સાચો રાહ બતાવો.

મહાવીરનો મારગ છે ન્યારો ડૂબેલાંને તારે
જડ હૃદયમાં ચેતન ભરતો જાગી સહુને જગાવે
એ મારગમાં લઈ જાઓ.

આજ અમારા અંતરમાં અજ્ઞાન–અંધાર છવાયાં
ધર્મ–કર્મ સમજાય નહિ ને સમજ્યાં વિણ અથડાયાં
કોઈ જ્ઞાન–દીપક પ્રગટાવો.

દુઃખ ભરેલાં જીવન જગના વીર પ્રભુએ જોયાં
રાજવૈભવના સુખ તજી દુઃખિયાંના આંસુ લ્હોયાં
કોઈ પ્રેમળ–જ્યોત જલાવો.

●

# નિર્વાણ

અમાસની અંધારી રાતે મહાન જ્યોત બુઝાઈ
ધરતી પર અંધકાર છવાયો, માનવ ગયાં મુંઝાઈ
ત્યાં તો ગાજ્યાં દેવદુંદુભી દિવ્ય વાણી સંભળાઈ
'આનંદો હે લોક પૃથ્વીના, વીરે મુક્તિ પાઈ!!'

●

જ્યોતમાં જ્યોત મળી ગઈ જ્યારે
રાત થઈ ગઈ કાળી

ઘર ઘરમાં દીવડા પ્રગટાવ્યાં
અંતરને અજવાળી
એનું નામ દિવાળી.

પાવાપૂરીમાં પ્રભુએ જ્યારે
છેલ્લી આંખડી ઢાળી

દેવદુંદુભી થયાં ગગનમાં
તારક-દીપ પ્રજાળી
એનું નામ દિવાળી.

આસો માસને અંતે રે ભગવંતે કર્યું પ્રયાણ
નાશવંત આ દેહ તજીને પામ્યાં પદ નિર્વાણ!

ધરતી પરનો સૂર્ય આથમ્યો
દિશા થઈ અંધિયારી......ઘર ઘરમાં

અંતિમ ઘડીએ ગુરુ ગૌતમને
દૂર કર્યા ભગવાને
મોહરૂપી અંધકાર ટળ્યો ને
ઝળકયાં કેવળજ્ઞાને !

જીવન ને મૃત્યુથી જેણે
જગને દીધું ઉજાળી......ઘર ઘરમાં

પચ્ચીસો વારસો વીત્યાં પણ
જ્યોત હજી ઝગમગતી
જુગ જુગ સુધી રે'શે દુનિયા
દીપાવલી ઊજવતી !

પરમ પાવની પ્રેમળ – જ્યોતિ
દેતી પાપ પખાળી.

ઘર ઘરમાં દીવડાં પ્રગટાવ્યાં
અંતરને અજવાળી
એનું નામ દિવાળી !

# ગૌતમનો વિલાપ



વીર નિર્વાણની વાત સુણીને ગૌતમ કરે વિલાપ
વજ્રઘાત થયો અંતરમાં ને સળગ્યો સંતાપ !

નાનકડા બાળકની માફક
ધ્રુસકે ધ્રુસકે રડતાં
'વીર, વીર' કહી વ્યાકુળ થઈને
ગૌતમ ડુસકાં ભરતાં !

કરુણ રૂદનથી વનવગડાના વૃક્ષો કંપી રહેતાં
એક એક પોકારે જાણે ડુંગર ડોલી ઉઠતાં !
અંગે અંગ અગન પ્રગટાવે પ્રભુ–વિરહનો તાપ.

'પ્રભુ, તમે જ કહ્યું તું' જે દી'
થાશે મુજ નિર્વાણ

તે જ દિને હે ગૌતમ તુજને
મળશે કેવળજ્ઞાન'
'અંતિમ ઘડીએ દૂર કર્યો ને ચાલ્યાં દઈને થાપ!

'જ્યોત વિહોણા દીપક જેવું થઈ ગયું જીવન મારું
વીર વિહોણા આ ગૌતમના અંતરમાં અંધારૂં
પુણ્ય બધું પરવારી ગયું ને પ્રગટ થયું રે પાપ!'

રડી રડીને શાંત થયા પછી
ગૌતમ ચઢ્યા વિચારે.

પ્રભુ શરીરના રાગ થકી તો
રઝળું છું સંસારે,

મોહ નિવારણ કરવા કાજે
વીરે કરુણા કીધી

પ્રતિબોધ કરવાને બહાને
આંખ ઉઘાડી દીધી!

પશ્ચાતાપ થયો પળમાં ને
સમજાયું નિજનું અજ્ઞાન
ત્યાં તો લખ લખ તેજે પ્રગટ્યું
ગુરુ ગૌતમને કેવળજ્ઞાન!!

●

# યુદ્ધ–ઘેલછા


વેર ને ઝેરના વાયરાના જ્યારે વિંઝણા વિંઝાતાં
સિઝાયેલી આ દુનિયાને તારો સંદેશો આપે શાતા.

પ્રગટી રહી છે હિંસાની હોળી ને ભોળી પ્રજા ભરમાતી
ધર્મને નામે યુદ્ધે ચઢે ને સંહારથી ના શરમાતી
માનવતાના મંદિરો જ્યારે ખંડેર થઈ ખડકાતાં !

પ્રીતિને બદલે આજ પરસ્પર ભીતિ ભરી ભીતરમાં
અંતરના અમૃતને બદલે ઝેર ભર્યું જીવતરમાં
જીવન–જળનાં નિર્મળ ઝરણાં જ્યારે સૂકાઈ જાતાં.

વેરથી વેર શમે નહિ કો'દી, પ્રેમથી પ્રેમજ પ્રગટે
આગથી આગ બુઝાશે નહિ ને હિંસાથી હિંસા સળગે
જીવો ને જીવવા દયો એવો મંત્ર ખરો શાંતિદાતા !

# તિતિક્ષા



મમતા નહિ મનમાં જરી સમતાના ભંડાર
એવા શ્રી પ્રભુ વીરને વંદન વાર હજાર.

●

ઓ સમતાના ધરનારા,
તારા જીવન–રહસ્યો ન્યારા.
દુશ્મનને પણ પૂર્ણ પ્રેમથી ક્ષેમકુશળ પૂછનારા !

સુખદુઃખમાં તેં સમતા રાખી તુંજ ખરો મહાવીર
ઉપસર્ગોના પ્હાડ તૂટયાં પણ ડગ્યો નહિ જ લગીર
ઓ વજ્રહૃદય ધરનારા !

ચંડકોશિયો કરડ્યો પગમાં ઝેર હલાહલ દીધું
ત્યારે તેં તો કરુણા આણી 'કંઇક સમજ' એમ કીધું
એ ઝેરના જીરવનારા !

ભાન ભૂલી ભરવાડે જ્યારે ખીલા ઠોકિયાં કાને
રોક્યા નહિ એના હાથ લગીરે અડગ ઊભા નિજ ધ્યાને
એ હસતે મુખ સહેનારા.

તારા પગનો ચૂલો કરીને ઉપર ખીર બનાવી
અંગેઅંગ બળે પણ મુખ પર શીતળતા પ્રસરાવી
એ દાવાનળ પીનારા !

ગોશાળાએ કરી ઘેલછા તેજોલેશ્યા છોડી
સંહારકને ક્ષમા કરીને દીધી શીખામણ થોડી
એ કરુણાના કરનારા.

પ્રચંડ શક્તિ હતી છતાં પણ પરમ શાંતતા ધારી
મનથી પણ નહિ દ્વેષ ચિંતવ્યો અજબ તિતિક્ષા તારી
એ જગમંગલ ગાનારા !
તારા જીવન-રહસ્યો ન્યારા !

●

છો ને મારા તંબૂરાના થાય ચૂરેચૂરા
તો યે તારાં ભજન રહે ના અધુરાં !

# ભવિષ્ય વાણી

દુનિયાને એક દિવસ એવું જ્ઞાન લાધશે
મહાવીરના ધર્મનેજ વિશ્વધર્મ માનશે
આજનો ઇતિહાસ નવો બોધપાઠ આપશે.

આજ ભલે પ્રગટે છો હિંસાની હોળીઓ
આજ ભલે સામસામે છોડતાં રે ગોળીઓ
આજ ભલે યુદ્ધ કરે નાની મોટી ટોળીઓ,

એક દિવસ આવશે કે અવનિને આંગણે
અહિંસા ને પ્રેમની પૂરાશે રંગોળીઓ;
વેર ઝેરથી લઢી વઢીને જ્યારે થાકશે —

આજ ભલે માનતા જમાનો અણુબોમનો
એક વખત તો હતો જમાનો ગ્રીસ–રોમનો
ખૂણે ખૂણો ખોળતાં ભલે ને આજ વ્યોમનો,

કીંતુ સાદ કાળનો સુણાવતો ફરી ફરી —
કે જમાનો આવી રહ્યો ભારતની ભોમનો;
નવયુગનાં માનવી મૂલ્ય નવાં સ્થાપશે —

મહાવીરના ધર્મમાં છે સાચી વિશ્વશાંતિ
અંતરમાં રહે નહિ લેશ પણ અશાંતિ
નથી કોઈ ભ્રમણા કે નથી કોઈ ભ્રાંતિ,
મહાવીરના ધર્મમાં છે એવી તાકાત કે—
અણુએ અણુમાં કરી દેતી મહાક્રાંતિ !

યુદ્ધ કેરા પાપનું પ્રતિક્રમણ આવશે
મહાવીરના ધર્મને જ વિશ્વધર્મ માનશે.

●

શ્રદ્ધાના દીવડાને જલતો જ રાખજે
નિશદિન સ્નેહ કેરૂં તેલ એમાં નાંખજે.

# યુગનો પડકાર

મહાવીરના સંતાનો સહુયે આવો ભેળાં થઈએ
ભેળાં થઈ ભાવિનો સહુયે આવો વિચાર કરીએ.

કાળ નિમંત્રી રહ્યો છે સહુને આજે સાદ કરીને
આ યુગનો પોકાર સુણીએ આપણે કાન દઈને
સમાજના આ જીર્ણ શરીરનો ઘાટ નવેસર ઘડીએ.

આપ ભલે હો મૂર્તિપૂજક કે હો સ્થાનકવાસી
શ્વેતાંબર, દીગંબર, તેરાપંથી, ચૈત્યનિવાસી
સૌનો એક પિતા મહાવીર છે એનું ગૌરવ લઈએ.

આજ સુધી તો રહ્યાં નિરાળાં સહુનાં જીવન પંથો
આજ સુધી તો રહ્યાં નિરાળાં ધર્મશાસ્ત્રના ગ્રંથો
હવે જુદાઈમાં જોખમ છે એનો ખ્યાલ તો કરીએ.

બાહ્યવેશ કે ક્રિયાકાંડ જેવાં છે તેવાં ભલે રહ્યાં
વિધિવિધાનો–ઉપકરણો જેવાં છે તેવાં ભલે રહ્યાં
અખંડ છે ઉપદેશ પ્રભુનો એને તો અનુસરીએ.

વેરવિખેર થયેલાં ટુકડાં જેવું આપણું જીવન
એક પિતાના પુત્રો જાણે એકબીજાનાં દુશ્મન
ભૂલ ભર્યો ઇતિહાસ ભૂતનો એને ભૂલી જઈએ !


અહિંસાનો આદર્શ જગતને જૈનોએ ધરવાનો
'મિત્તિ મે સવ્વ ભૂએસુ' ને ચરિતાર્થ કરવાનો
મહાવીરે શીખવાડયું છે તે જગને કંઈક શીખવીએ.

એક હશું તો આગળ જઈશું જગના પ્રવાહ સાથે
ભિન્ન રહીને ભૂંસાઈ જાશું એક દી' આપણે હાથે
આવો નાના વાડાઓ તોડીને વિશાળ બનીએ!

આવો કૂચકદમ કરીએ સૌ
હાથમાં હાથ મિલાવી
'જય હો મહાવીરનો' એમ કહીને
દઈએ ગગન ગજાવી

એક થઈને આ યુગના પડકારને ઝીલી લઈએ!
મહાવીરના સંતાનો સહુયે આવો ભેળાં થઈએ.

# ચંદનબાળા



ધનવૈભવમાં પૂરી
ધર્મ-પ્રસંગે શૂરી
હતી એક નગરી ચંપાપૂરી.

દધિવાહન રાજાની છાયા
પ્રજા પ્રતિ મમતા ને માયા
સુખશાંતિ ને આબાદીમાં નહિ કોઈ વાત અધૂરી.

ધર્મધ્યાન ને કર્મજ્ઞાનમાં લીન બને નરનારી
સાધુ સંત સન્માન પામતાં આ નગરીમાં ભારી
એવી આ નગરીમાં એક દી'
કાળે હૂલાવી છૂરી ! !

● ●

ઘોર ભયંકર શોર મચ્યો પ્રલયંકર આંધી ઉતરી
ગડગડ ગર્જ્યાં વાદળના દળ જાણે વીજળી તૂટી !
સનનન કરતાં ધસી આવતાં તહીં તોપના ગોળા
કૌશામ્બિની સેના ત્રાટકી જાણે તીડના ટોળાં !

ચોગરદમ ચંપાનગરીની આગ ભીષણ ચંપાઈ
નિર્બળ ને નિર્દોષ પ્રજાની કીકીયારી સંભળાઈ
રાજમુગટ રણમાં રોળાયો લોક રહ્યું છે ભાગી
લૂંટાલૂંટ ભયાનક ચાલી ધન-ભંડારો ભાંગી,
ચીસાચીસ પડી ઘાયલની ચંપાનગરી માથે
મહારાણી ધારિણી નાઠી લઈ નિજ પુત્રી સાથે !

●

આ રાજમહેલની રાણી
માગ્યાં મેહ વરસતાં એને મળે ન ટીપું પાણી !
પળ પહેલાં જ્યાં દાસદાસીઓ કરતાં જેની સેવા
નિરાધાર થઈ રઝળે વનવન મળે ન ઝુંપડી રે'વા
રડી રહી ચોધારે આજે નયણે આંસુ આણી !

●

ઘરથી નીકળી વનમાં પેઠી વનમાં લાગી લા'ય
રાણીને માથે દુઃખના ડુંગરિયાં ખડકાય.
કાળાં કાળાં વાદળાં ઘેરાય રે.

પગલું શોધી શોધીને આવ્યો રે શિકારી
માતા-પુત્રી બંને ને રહ્યો પડકારી
ઊંટ પર નાખ્યાં માદીકરીને દૂર હંકારી જાય રે.

●

શીલની રક્ષા કાજ રાણીએ કાઢી દીધાં પ્રાણ
થઈ ગયો રે નિરાશ શિકારી જોઈ બલિદાન મહાન !

●

'ધરજે તું ધીર, મનડા,
ધરજે તું ધીર,
સ્થિર થઈને સ્મરી લેજે
પ્રભુ મહાવીર.

ભવોભવના પાપો ભોગવવાના
લેખ લખ્યાં મિથ્થા ન થવાનાં

જો જે ન વહી જાયે
નયણેથી નીર !'

●

આ ચાલે છે લિલામ
જેની પાસે દામ હોય એનું અહિંયા કામ !

કૌશામ્બિને ધામ
બજારે આવ્યું લોક તમામ
ચીજ-વસ્તુની માફક
થાયે માણસનું લિલામ !

આ ચાલે છે લિલામ
કોઈ વધતા જાએ‌ા દામ
નામ ઠામનું કામ કશું ના
આ તો છે ગુલામ !

ઘરનાં કરશે સઘળાં કામ
માંજી દેશે એઠાં ઠામ
તમને સંપૂરણ આરામ
બોલો, છે કોઈનામાં હામ ?!

●

'ઊભો રહે,' કહેતાંની સાથ એક વૃદ્ધ મહાજન આવે
ધીમે ધીમે લાકડીને ટેકે ટેકે ચાલે,
સૌથી મોટી રકમ કહી ને લોક થયું સુમસામ
થેલી ખુલ્લી કરી દીધી ને ચૂકવી દીધાં દામ !

●

સૂના સૂના ઘરમાં ગાજે રે કલ્લોલ
ઓછાં ઓછાં થઈને રે બોલે મીઠાં બોલ.

ધનાવહ શેઠ ને મૂળા શેઠાણી
લાડકણી દીકરીમાં સુખ રહ્યાં મા'ણી.
પળે પળે ઉછળતી આનંદની છોળ.

શીતળ ચંદન જેવાં એનાં
લાગે છે બોલ મરમાળાં
તેથી જ હોંશથી નામ એનું
પાડયું ચંદનબાળા !
દંપતિના દિલડામાં ઉમંગ અણમોલ,

ચંપાપૂરીની રાજકુમારી આજ બની ગઈ દાસી
દાસી થઈને રહી છતાં પણ કદી ન થાતી ઉદાસી !

માતપિતાનું નામ કુળ ને ગામ
છૂપાવી રાખ્યાં
ભૂતકાળનાં ખ્યાલ બધાંયે મનથી
ઉતારી નાખ્યાં
કળી ખીલીને ફુલ બને એમ યૌવન રહ્યું વિકાસી.

●

બનવા કાળ તે બની રહ્યું !
ભાવિના ભીષણ ઓળાની આગાહી કંઈ કરી રહ્યું !

કામ પ્રસંગે એક દિવસ બપોરે શેઠ ઘેર આવે
નોકર સૌ આરામ કરે તેથી બાળા પગ ધોવરાવે
ત્યાંજ અચાનક નીચે નમતાં વાળની લટ વિખરાઈ
ઝટપટ શેઠે લાકડી ટેકે લટ ઊંચે ધરી રાખી
નાનકડા નિર્દોષ પ્રસંગે રજમાંથી ગજ બની ગયું !

પાછળ આવતી શેઠાણીએ આવું દૃશ્ય નિહાળ્યું
શંકા જાગી ઉઠી હૃદયમાં દાળમાં કાળું લાગ્યું ! !

'પુત્રી નહિ પણ શોક્ય છે આ તો—'
અંતર એવું કહી રહ્યું

એકજ ચિનગારી પડતામાં
ચંદનનું વન બળી રહ્યું !

•

શેઠ સીધાવ્યાં ગામ ત્યારે
ઓલી શેઠાણી હરખાણી
અવસર હાથમાં આવ્યો જાણી
મનમાં મલકાણી !

દોષ વિનાની બાળા ઉપર
રોષ ભયંકર કીધો
કાળો ભમ્મર ચોટલો એનો
એણે કપાવી લીધો !

એક અંધારા ઓરડામાં એને લઈ ગઈ ઘસડીને
ભૂખી – તરસી પૂરી દીધી બારણે તાળું જડીને
મૃત્યુ હવાલે મૂકી દઈને
પિયર જઈ સમાણી !

•

અંધારી ખોલીમાં બેઠી બાળા રે બિચારી
'ક્યાંથી આ આવી આફત અણધારી ?

શાથી બન્યું રે આવું ?
સમજ્યું સમજાય ના
માતાજી રૂઠયાં શીદને ?
પામ્યું પમાય ના,
વાંકગુનો જાણું નહિ રે, કર્મની બલીહારી !

●

શેઠ જુએ ને રૂવે
લાડકડીનું મુખ દેખી એની આંખ ચોધારે ચૂવે !

બેઠી જડેલી,
માથે મૂંડેલી,
રોઈ રોઈ આંખ સૂઝેલી

ત્રણ ત્રણ દિનની
ભૂખી ને તરસી
મૃત્યુના મુખમાં ધકેલી !

વાંક વિનાની રાંકડીને જાણે
નાખી અંધારે કૂવે !

●

લુહારને બોલવવા કાજે દોડ્યા શેઠ બજારે
ચંદનબાળા લઇ બાકુળા આવી ઊભી ઘરદ્વારે

●

કૌશામ્બિ નગરીની માંહી યોગી એક વિચરતા
પાંચ માસ ને પચ્ચિસ દિનથી ભિક્ષા કાજે ફરતાં
દ્વારદ્વારથી એ ભિક્ષા વિણ શીદને પાછાં ફરતાં ?
કોણ હશે એ મહા તપસ્વી, આવો નિર્ણય કરતાં ? !

આવો આવો દેવ,
મારા સૂના સૂના દ્વાર
મારાં આંગણાં સૂનાં.
આવો યોગીરાજ
મહાવીરસ્વામી આવો આજ
મારાં આંગણાં સૂનાં.

બાળા ભોજન દે છે ત્યાં તો
યોગી પાછાં વળિયાં
'હે પ્રભુ, શું ઓછું આવ્યું ?'
દડદડ આંસુ પડિયાં !

આંસુડાં જોયાં કે તુરત જ
બાકુળા વ્હોર્યાં,
મારાં આંગણાં સૂના.

●

ઓલી ચંદનબાળાને બારણે
પ્રભુ આવી ઊભા છે પારણે
એનું જીવતર ધન્ય ધન્ય થાય.

એના દુઃખના દા'ડા વીત્યાં રે
એણે દર્શન દેવના કીધા રે
એનું જીવતર ધન્ય ધન્ય થાય.

રાજપાટ છોડીને
રઝળેલી કુંવરીનું
કિસ્મત ફરીથી ઊઘડી ગયું
ભિક્ષા દીધી ને
દીક્ષા લીધી,
એનું જીવતર અનેરું ઉજળી રહ્યું !

એણે મારગ વીરનો લીધો રે
અને મનખો ઉજ્વળ કીધો રે
એનું જીવતર ધન્ય ધન્ય થાય.

●

# મંત્રસાર-

કિંમત રૂા. ૩-૫૦ ન.પૈ.
પોસ્ટેજ ૦-૯૫ ન.પૈ. અલગ

શ્રી માણિભદ્રના છંદ (૨)
,, પદ્માવતીનો છંદ
,, મહાકાળીનો છંદ
,, ચક્રેશ્વરી દેવીની સ્તુતિ
,, મહાલક્ષ્મી અષ્ટક
,, મહાજ્વાલા અષ્ટક
**શ્રી નવકાર મંત્ર સંગ્રહ ફળદાયક વિધિ સહિત**
રક્ષામંત્ર (૧-૨-૩-૪)
શુભાશુભ જાણવાનો મંત્ર
વિદ્યા પ્રાપ્તિ મંત્ર
વાદજય મંત્ર
પરદેશ લાભ મંત્ર
વશીકરણ મંત્ર
કાર્યસિદ્ધિ મંત્ર
દ્રવ્યપ્રાપ્તિ મંત્ર
સર્વસિદ્ધિ મંત્ર
પુત્ર સંપદા પ્રાપ્તિ મંત્ર (૧-૨-૩)
દ્રવ્ય પ્રાપ્તિનો સાદો ઉપાય
શ્રી માણિભદ્રજીના મંત્રો
નાકોડા ભૈરવ સ્તોત્ર અને પ્રાર્થના
ભૈરવાષ્ટક
મંત્રગર્ભિત પદ્માવતી સ્તોત્ર
લક્ષ્મીપ્રાપ્તિ મંત્ર-૨
સર્વકાર્ય સિદ્ધિ મંત્ર-૧
વ્યાપારલાભ મંત્ર-૧
વસ્તુ વિક્રય મંત્ર-૧
રોગ નિવારણ મંત્ર-૨
શત્રુભય ને કલેશ નાશક મંત્ર-૧
સર્વભય નિવારણ મંત્ર
ચોરભય નિવારણ મંત્ર
કેદમુક્ત થવાના મંત્ર-૩
આકાશગમન મંત્ર-૧
ભૂતપ્રેતનિગ્રહ કરણ મંત્ર
શ્રી માણિભદ્ર પ્રત્યક્ષ કરવાનો મંત્ર
ગ્રહશાંતિ માટે ઉપયોગી યંત્રો જાપ વિગેરે
ગ્રહમુદ્રિકા યંત્ર
મંત્રોનું મહત્વ
મંત્ર સાધના વિધિ
ભૂમિ શુદ્ધિ કરવાનો મંત્ર
સ્નાન કરતાં જપવાનો મંત્ર
વસ્ત્ર પહેરતાં જપવાનો મંત્ર
શ્રી ઘંટાકર્ણ મહામંત્ર અને તેની સાધનાનો વિધિ
લક્ષ્મી પ્રાપ્તિ માટે યંત્રો-૧-૨